# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-07-2025** | **Midday : 2.30 to 2.35 pm**
**Day : Wednesday** | **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરમાં મંત્રીમંડળની બેઠક યોજાઈ. આ બેઠકમાં વિવિધ બ્રિજની ચકાસણી અને તપાસની સમીક્ષા કરવામાં આવી. રાજ્યમાં રોડ રસ્તાના સમારકામની સ્થિતિ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી. આ ઉપરાંત વરસાદ અને જળાશયોની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી. આજે યોજાયેલી બેઠકમાં આગામી વિધાનસભાના  ચોમાસું સત્રની તારીખો તેમજ રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિવિષયક નિર્ણયો સંદર્ભે પણ ચર્ચા કરવામાં આવી.

. . . . . . . . . . .

# MNP DELIMITATION

રાજ્યની 9 નવી મહાનગરપાલિકાનું સીમાંકન જાહેર કરવામાં આવ્યું છે. દરેક મહાનગરપાલિકામાં 13 વોર્ડ અને 52 બેઠક નિશ્ચિત કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના અમારા પ્રતિનિધી દુર્ગેશ મહેતા જણાવે છે કે,  દરેક નવી મહાનગરપાલિકામાં આજુબાજુના વિસ્તારો ભેળવી દેવામાં આવ્યા છે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં 6 મહાનગર સાથે નવી 9 મહાનગરપાલિકાની પણ ચૂંટણી યોજાશે.

. . . . . . . . . . .

# NEW MLA SWEARING-IN

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ આજે વિધાનસભા ખાતે કડી વિધાનસભા મત વિસ્તારના નવનિયુકત ધારાસભ્ય રાજેન્દ્ર ચાવડા અને વિસાવદર વિધાનસભા મત વિસ્તારના નવનિયુકત ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલીયાને ધારાસભ્ય તરીકેના શપથગ્રહણ કરાવ્યા હતા.

. . . . . . . . . . .

# BANASKANTHA FOOD POISONING

બનાસકાંઠા જિલ્લાના વેકરી ખાતેની આદિવાસી આશ્રમ શાળામાં ખોરાકી ઝેરની અસરથી 40 વિદ્યાર્થીઓ અને 3 શિક્ષકો પ્રભાવિત થયા હતા. આ મામલે ત્વરિત કાર્યવાહી કરીને શાળા ઇન્ચાર્જ આચાર્યને ફરજ મોકૂફ કરવામાં આવ્યા હોવાનું જિલ્લા કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું હતું.

(બાઈટ: મિહિર પટેલ - કલેકટર બનાસકાંઠા)

. . . . . . . . . . .

# JAMNAGAR-NHAI

જામનગરમાં સાસંદ પુનમબેન માડમે NHAI- નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઇન્ડીયાના અધિકારીઓ સાથે ક્ષતિગ્રસ્ત રસ્તાની સુધારણા અંગે સમીક્ષા અંગે બેઠક યોજી હતી. સુશ્રી માડમે કલેકટર કેતન ઠક્કરની ઉપસ્થિતિમાં ધ્રોલ-ભાદ્રાપાટીયા-આમરણ-પીપળીયા નેશનલ હાઇવે 151 A માટે સંલગ્ન વિભાગો સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી.

સાંસદે રોડ-રસ્તાઓ તથા ખેડૂતોને લગત રજુઆતો સાંભળી સકારાત્મક દિશામાં કાર્યવાહી કરવા અધિકારીઓને સૂચન કર્યા હતા.

. . . . . . . . . . .

# DANG NANDI UTARA BRIDGE

સાપુતારા-વઘઇ રોડ વચ્ચે સાકરપાતળ ગામ નજીક અંબિકા નદી પર આવેલા 'નંદી ઉતારા' બ્રિજ પર ભારે કોમર્શિયલ વાહનોની અવર જવર માટે પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યો છે. ડાંગ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ દ્વારા વિશેષ અભિયાન હાથ ધરી, રોડ સમારકામ તેમજ બ્રિજ નિરીક્ષણની કામગીરી હાથ ધરવામા આવી છે.

. . . . . . . . . . .

# AMABALIYASAN STOPAGE, VANKANER-MORBITRAIN

અમદાવાદ-દિલ્હી લાઇન પર આવેલ આંબલિયાસણ રેલવેસ્ટેશનને આજથી વલસાડ-વડનગર સુપરફાસ્ટ ટ્રેન નંબર 20959 અને 20960નું સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

સાંસદ હરિભાઈ પટેલે રેલવે મંત્રીને કરેલી રજુઆતને પગલે આ નિર્ણય લેવાયો છે. શ્રી પટેલે ટ્રેનને પ્રસ્થાન કરાવતાં જણાવ્યું આંબલિયાસણમાં સ્ટોપેજને કારણે 20 થી વધુ ગામોનાં લોકોને સુરત જવા માટે સરળતા રહેશે.

(બાઇટ- હરિભાઇ પટેલ, સાંસદ, મહેસાણા)

દરમિયાન ટેકનિકલ કારણોસર, 17 જુલાઈ, 2025 ના રોજ વાંકાનેર-મોરબી તથા મોરબી-વાંકાનેર વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ કરવામાં આવી છે.

યાત્રીઓએ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવી.

. . . . . . . . . . .

# UG UNIVERSITY IP CELL

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ-GUJCOST દ્વારા સાયન્સ અને

ટેકનોલોજીના ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી સેલની સ્થાપના કરવા મંજૂરી આપવામાં આવી છે.

રાજ્યનાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા પાટણ યુનિવર્સિટીમાં ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી સેલની સ્થાપનાને મંજૂરી મળતા આ સેલ દ્વારા પેટન્ટ અને ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ અંગેની જાગૃતિ માટે કાર્ય કરવામાં આવશે.

આ અંગે ટૂંક સમયમાં ગુજકોસ્ટ અને યુનિવર્સિટી વચ્ચે સમજૂતિ કરવામ આવશે એમ કુલપતિ ડૉ. કે.સી.પોરીયાએ જણાવ્યું છે.

. . . . . . . . . . .